અપીલ અરજી નં.૪૦૯ તા.૧૯–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ–  શ્રી ચેતન કાંતિલાલ
સામાવાળાઃ–ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચેતન કાંતિલાલની તા. ૧૭–૧૦–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોનના કાર્યપાલક ઈજનેર શ્રી પરમાર સાહેબ તા. ૧૫– ૧૦–૧૧ ના રોજ ઘર નં.૪/૧૬૫,૪/૨૧૦ અને ૪/૨૪૫ વાળી મિલકતમાં જરીના હેવી ટવીસ્ટીંગ મશીનો ચાલે છે તેની સ્થળ તપાસ કરી હતી અને કહયું હતું કે આ મશીનો ગૃહ ઉદ્યોગમાં આવે છે તો પછી હમારી જ શેરીમાં ૪/૨૧૭વાળી રહેણાંકવાળી મિલકતમાં જે જરીના હેવી ટવીસ્ટીંગ મશીનો ચાલતા હતા જે તમારા કહેવા મુજબ ગૃહ ઉદ્યોગમા આવતાં હતાં તો તે મશીનો સુરત મહાગનરપાલિકા તરફથી બી.પી.એમ.સી. એકટની કઈ કલમ મુજબ બંધ કરાવ્યા ? તેનીમાહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૯/૨૦૧૧–૧૨

શ્રી ચેતન કાંતિલાલની તા. ૧૭–૧૦–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોનના કાર્યપાલક ઈજનેર શ્રી પરમાર સાહેબ તા. ૧૫–૧૦–૧૧ના રોજ ઘર નં. ૪/૧૬૫,૪/૨૧૦ અને ૪/૨૪૫ વાળી મિલકતમાં જરીના હેવી ટવીસ્ટીંગ મશીનો ચાલે છે તેની સ્થળ તપાસ કરી હતી અને કહયુ હતું કે આ મશીનો ગૃહ ઉદ્યોગમાં આવે છે તો પછી હમારી જ શેરીમાં ૪/૨૧ ૭ વાળી રહેણાંકવાળી મિલકતમાં જે જરીના હેવી ટવીસ્ટીંગ મશીનો ચાલતા હતા જે તમારા કહેવા મુજબ ગૃહ ઉદ્યોગમા આવતાં હતાં તો તે મશીનો સુરત મહાનગરપાલિકા તરફથી બી.પી.એમ.સી.એકટની કઈ કલમ મુજબ બંધ કરાવ્યા ? તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૫૫ તા.૨૫–૧૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે મળ્યા બાદ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આઉટ ૧૬૯૩ તા.૯–૧૨–૧૧ થી નોંધ વિભાગ,અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ./૧૫૯૩ તા.૨૮–૧૧–૧૧ થી પાઠવેલ માહિતીની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૭–૧૦–૧૧ ની અરજીથી નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીમાં સુરત મહાનગરપાલિકા ના સેન્ટ્રલઝોનઢ ના કાર્યપાલક ઈજનેર શ્રી પરમાર સાહેબ તા. ૧૫– ૧૦–૧૧ના રોજ ઘર નં.૪/૧૬૫,૪/૨૧૦ અને ૪/૨૪૫ વાળી મિલકતમાં જરીના હેવી ટવીસ્ટીંગ મશીનો ચાલે છે તેની સ્થળ તપાસ કરી હતી અને કહયું હતું કે આ મશીનો ગૃહ ઉદ્યોગમાં આવે છે તો પછી હમારી જ શેરીમાં ૪/૨૧૭વાળી રહેણાંકવાળી મિલકતમાં જે જરીના હેવી ટવીસ્ટીંગ મશીનો ચાલતા હતા જે તમારા કહેવા મુજબ ગૃહ ઉદ્યોગમા આવતાં હતાં તો તે મશીનો સુરત મહાગનરપાલિકા તરફથી બી.પી.એમ.સી. એકટની કઈ કલમ મુજબ બંધ કરાવ્યા ? તેની માહિતી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ./૧૫૯૩ તા.૨૮–૧૧–૧૧ થી સેન્ટ્રલઝોન વિભાગ પાસે આવી કોઈ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું સમય મર્યાદા બાદ જણાવેલ. જયારે અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે મળ્યા બાદ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર ધ્વારા જણાવેલ જેના અનુસંધાને અરજદારે કોઈ સ્પષ્ટતા કરેલ નથી.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવો પ્રત્યુતર પાઠવેલ છે પરંતુ ૪/૨૧૭ વાળી રહેઠાણ વાળી મિલકતમાં હાલના ટવીસ્ટીંગ મશીન બંધ કરાવવાની માહિતી દફતરે ઉપલબ્ધ નથી કે કયા કાયદા હેઠળ બંધ કરાવ્યા તે દફતરે નથી તેની કોઈ સ્પષ્ટતા કરેલ નથી. આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨(જે) હેઠળ ભૌતિક સ્વરૂપે દફતરે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ કઈ માહિતી ઉપલબ્ધ નથી તેની સ્પષ્ટતા કરવી જોઈએ જે કરેલ નથી અને તે પૈકી જે દફતરે હોય તે પુરી પાડવી જોઈએ.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૭–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ ફરીયાદની હકીકત માં નિર્દિષ્ટ વિગતે કઈ માહિતી દફતરે ઉપલબ્ધ નથી તેની સ્પષ્ટતા કરી જે માહિતી ઉપલબ્ધ છે તે આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચેતન કાંતિલાલ,